# પૂ. લાલચંદભાઇના પ્રવચનો
# પ્રવચન નંબર ૩૫, તા. ૧૨-૧૨-૮૭
# શ્રી સમયસાર, ગાથા-૩૨૦, અધ્યાત્મ પ્રવચન રત્નત્રયમાંથી.

આ શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર, એનો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર, ગાથા-૩૨૦. તાત્પર્યવૃત્તિ આચાર્ય શ્રી જયસેનાચાર્યકૃત. ઉપરમાં આવી ગયું કે **બીજી રીતે વ્યાખ્યાન કરતાં અહીં મોક્ષ અધિકાર સમાપ્ત થયો**. પોતે અહીંયા મોક્ષ અધિકાર સમાપ્ત થયો એમ કહે છે. છતાં, **વળી વિશેષ કહેવામાં આવે છે**. મોક્ષ અધિકાર સમાપ્ત થયો પણ વળી વિશેષ કહેવામાં આવે છે. એમાં ખોલે છે કે મોક્ષનું કારણ શું છે, એ કહેવું છે.

**ઔપશમિક આદિ પાંચ ભાવોમાં કયા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે.** ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક એમ પાંચ ભાવો છે એના વિશેષ ૫૩ ભેદ થાય છે. તો આચાર્યભગવાન કહે છે કે જીવનો મોક્ષ તો થાય છે, મોક્ષ તો થાય છે પણ મોક્ષ થાય છે તો કયા ભાવથી, પાંચ ભાવમાંથી કયા ભાવથી મોક્ષ થાય છે? કયો ભાવ જીવને મોક્ષનું કારણ થાય છે? કયો ભાવ બંધનું કારણ થાય છે ને કયો ભાવ મોક્ષનું કારણ થાય છે અને કયો ભાવ મોક્ષનું કારણ થતો નથી, એમ ત્રણ વાત ખોલશે આમાંથી.

**ત્યાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ છે**. પહેલાં પાંચ ભાવોમાં પર્યાયરૂપ કયા ભાવો અને દ્રવ્યનો કયો ભાવ છે એનું વર્ણન કરે છે. ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ છે. ઔપશમિક સમ્યગ્દર્શન, ઔપશમિક ચારિત્ર, ક્ષયોપશમિક સમ્યગ્દર્શન, ક્ષાયોપશમિક ચારિત્ર, ક્ષાયિક સમ્યગ્દર્શન અને ક્ષાયિક ચારિત્ર અને ઔદયિકભાવ. એ બંધનું કારણ જે છે **એ ચાર ભાવો પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિક (ભાવો) દ્રવ્યરૂપ છે**. શુદ્ધ પારિણામિકભાવ દ્રવ્યરૂપ છે.

જો પારિણામિકભાવ દ્રવ્યરૂપ ન કહેતાં શુદ્ધ પારિણામિકભાવ દ્રવ્યરૂપ છે. ચાર ઉપર શુદ્ધનું વિશેષણ ન લગાવ્યું પણ દ્રવ્યમાં વિશેષણ લગાવ્યું શુદ્ધ પારિણામિકભાવ, એ દ્રવ્યરૂપ છે. **એ પરસ્પર સાપેક્ષ** એટલે એક હોય ત્યાં બીજું હોય. પર્યાય હોય ત્યાં દ્રવ્ય હોય ને દ્રવ્ય હોય ત્યાં પર્યાય હોય. એને **પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્યપર્યાયદ્વય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું) તે આત્મા-પદાર્થ છે**. આ પદાર્થની સિદ્ધિ કરી. પ્રયોજનની સિદ્ધિ હવે કરશે.

પદાર્થને-પદાર્થમાં દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેય આવી જાય. કોઈ એમાં બાદબાકી ન થાય. આત્મા પદાર્થ છે, જુઓ! સંસ્કૃતમાં શું છે જોઈએ. 'દ્રવ્યપર્યાયદ્વયઆત્માપદાર્થોભણયતે' છે પદાર્થ, પદાર્થની સિદ્ધિ. પદાર્થની સિદ્ધિ અને પ્રયોજનની સિદ્ધિ બેય વાત જુદી છે. પદાર્થની સિદ્ધિ પ્રમાણજ્ઞાનથી થાય છે અને પ્રયોજનની સિદ્ધિ શુદ્ધનયથી થાય છે. આ બે જૈનદર્શનની માર્મિક વાત છે. પદાર્થ છે તે જ્ઞાનનો વિષય છે, જ્ઞેય છે જાણવાયોગ્ય છે. પદાર્થ ઉપાદેયરૂપ નથી, દ્રવ્ય પર્યાયસ્વરૂપ આખી વસ્તુ પ્રમાણજ્ઞાનનો વિષય એ જ્ઞાનમાં જાણવા યોગ્ય છે, જ્ઞાનનું જ્ઞેય છે પણ તે ધ્યાનનું ધ્યેય નથી.

પ્રમાણજ્ઞાનનો વિષય જ્ઞાનનું જ્ઞેય છે પણ ધ્યાનના કાળે ધ્યેય તો વસ્તુ જુદી છે. અને ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે. પ્રમાણજ્ઞાનનો વિષય પદાર્થ એ જ્ઞેય છે. આખો પદાર્થ દ્રવ્ય, ગુણ અને પર્યાય. એમાં જુઓ! શુદ્ધ અને અશુદ્ધ પર્યાય સહિતનો આત્મા લીધો. શુદ્ધ પર્યાય પણ પદાર્થમાં થાય છે. અશુદ્ધ પર્યાય પણ પદાર્થમાં થાય છે અને શુદ્ધ દ્રવ્ય પણ પદાર્થમાં છે. બધું લેવાય ગયું. આખો પ્રમાણજ્ઞાનમાં. પ્રમાણજ્ઞાનમાં આગમ પ્રમાણ, અધ્યાત્મ પ્રમાણ બધું આવી ગયું. ચૂકતે. શુદ્ધ અને અશુદ્ધ પર્યાય બેય લઈ લીધી અને ત્રીજું દ્રવ્ય લીધું. એ ત્રણ મળીને આખો પદાર્થ સિદ્ધ થાય છે પ્રમાણજ્ઞાનમાં.

એ પ્રમાણજ્ઞાન આત્માને પરદ્રવ્યથી જુદું પાડી દયે છે. પ્રયોજન છે. પ્રમાણજ્ઞાન જે છે એ આત્માને પરદ્રવ્યથી જુદું પાડે છે. પોતાના દ્રવ્ય, ગુણ ને પર્યાય એટલો આત્મા એટલે પદાર્થ છે. આત્મા એટલે પદાર્થ છે. પોતાના દ્રવ્ય, ગુણ ને પર્યાયથી બહાર આઠ કર્મ, શરીર, કુટુંબ, ધન, ધાન્ય, પુત્ર, પુત્રી આદિ એ બધા જે છ દ્રવ્યો, આહા! એ છ દ્રવ્યો બધા પ્રમાણજ્ઞાનના વિષયથી બહાર છે. અનુભવ પછી જાણેલો પ્રયોજનવાન છે. એમાં પણ પોતાના પરિણામને જાણે છે જ્ઞાન.

મુમુક્ષુ:- આપ કહો છો ને પ્રમાણની બહાર જવું નહીં અને પ્રમાણમાં અટકવું નહીં.

ઉત્તર:- અટકવું નહીં. બસ. પ્રમાણની બહાર જવું નહીં. કેમકે પ્રમાણની બહાર જેટલા પદાર્થો જગતના દેખાય છે શરીર આદિ એ તો આત્માથી તદ્દન ભિન્ન છે. એની સાથે આત્માને કાંઈ લેવા દેવા નથી. હવે પ્રમાણજ્ઞાન છે આખું દ્રવ્ય, ગુણ અને પર્યાય, એમાં કેટલાક પર્યાય પરાશ્રિત અશુદ્ધ થાય છે. અને કેટલાક પરિણામ સ્વઆશ્રિત શુદ્ધ થાય છે. એ શુદ્ધ અને અશુદ્ધ પર્યાય અને ત્રિકાળીદ્રવ્ય એટલે ત્રિકાળી ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન. ત્રિકાળી ઉપાદાન શુદ્ધ છે, ક્ષણિક ઉપાદાનના બે ભેદ એક શુદ્ધ ક્ષણિક ઉપાદાન અને એક અશુદ્ધ ક્ષણિક ઉપાદાન. એમ આખો પદાર્થ છે પ્રમાણજ્ઞાનનો વિષય. હવે પ્રમાણમાંથી જે નિશ્ચયનય કાઢે છે તે જિનવચનમાં કુશળ છે. એવું સૂત્ર છે. હવે જેનો મોક્ષ થવાનો હોય એ પ્રમાણમાંથી શુદ્ધનય કાઢે છે.

ઉપરના પદાર્થની સિદ્ધિ કરી. મોસંબી છે એમાં રસ પણ છે, છોતા પણ છે અને છાલ પણ છે. નાળિયેર છે તેમાં મીઠું સફેદ ટોપરું પણ છે, રાતી કાચલી કોરની રાતળ પણ છે, કાચલી છે અને બહારના છોતા છે. એ બધુ પ્રમાણજ્ઞાનનો વિષય થયો. પણ ઉપાદેય શું છે ટોપરું. કાચલી પણ નહીં અને કાચલી કોરની રાતળ પણ કાઢી નાખે ટોપરાપાક કરે ત્યારે. અને છાજલા કાંઈ ઉપયોગમાં નથી. એક ટોપરું ઉપયોગમાં છે. મોસંબીમાં, મોસંબીમાં રસ પણ છે, અંદર બી પણ છે, અંદર છોતરા છે અને ઉપરની છાલ છે. એ બધું પ્રમાણજ્ઞાનનો વિષય પણ એમાં ઉપાદેય એકલો રસ છે. બી પણ કાઢી નાખે, છોતરા પણ કાઢી નાખે અને છાલ પણ કાઢી નાખે. આહાહા!

એમ આ ભગવાનઆત્મા છે એ ત્રિકાળી શુદ્ધ ઉપાદાન છે અને આ બધા ભાવો એ પરભાવો છે, પરદ્રવ્ય છે માટે હેય છે. એક આત્મા જ ઉપાદેય છે. એમ પ્રમાણજ્ઞાનના વિષયમાંથી શુદ્ધનય દ્વારા અંતર્મુખ થઈને પોતાના શુદ્ધાત્માને ગ્રહી લેવો, જાણી લેવો, અનુભવી લેવો એમાં કાર્યની સિદ્ધિ થાય છે. પ્રમાણજ્ઞાન સુધી અનંતવાર આવ્યો. તત્ત્વાર્થસૂત્ર સુધી અનંતવાર આવ્યો જીવ. અનંતવાર પ્રમાણના પક્ષમાં આવી ગયો પણ પ્રમાણનું જ્ઞાન ન થયું. પ્રમાણજ્ઞાનના પક્ષમાં આવ્યો.

પ્રમાણજ્ઞાનના વિષયનું જ્ઞાન તો અનુભવીને થાય. નયપૂર્વક પ્રમાણ હોય. પણ પ્રમાણ સુધી આવ્યો પણ પ્રમાણમાંથી એને શુદ્ધઆત્મા ખેંચતા ન આવડ્યો. હવે મોક્ષ જે થાય છે એનું કારણ કહેશે. **ત્યાં, પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિક ભાવોમાં.** જુઓ! ઉપરમાં કહ્યું હતું કે શુદ્ધ પારિણામિકભાવ દ્રવ્યરૂપ છે, એમ કહ્યું હતું.

અહીંયા કહે છે કે પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિકભાવોમાં, શુદ્ધ પારિણામિકભાવ શબ્દ નથી. કેવળ પારિણામિકભાવ એટલા માટે કે પ્રમાણજ્ઞાનનો વિષય છે.

મુમુક્ષુઃ- એ પણ પ્રમાણજ્ઞાનનો વિષય.

ઉત્તરઃ- એ પણ પ્રમાણજ્ઞાનનો વિષય છે. એક શુદ્ધ પારિણામિકભાવ તે શુદ્ધનયનો વિષય છે.

મુમુક્ષુઃ- પારિણામિકભાવમાં પણ શુદ્ધનયનો વિષય અલગ છે.

ઉત્તરઃ- કાઢવો જોઈએ.

મુમુક્ષુઃ- પારિણામિકભાવ પણ પ્રમાણજ્ઞાનનો વિષય છે?

ઉત્તરઃ- પ્રમાણજ્ઞાનનો વિષય છે. ત્રણ ભાવ છે ને? જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ. ઉપાદેય નથી. પ્રમાણજ્ઞાનનો વિષય છે. આ જ્યારે લીધું હતું ત્યારે 'ભાવોમાં' એમ લીધું હતું. ત્યારે ચંદુભાઈ જરા બોલ્યા, ત્રણ ભાવોમાં, નવતત્ત્વમાં શુદ્ધનયથી શુદ્ધઆત્મા ઉપાદેય છે. એમ ત્રણ ભાવોમાં આ શુદ્ધ જીવત્વ ઉપાદેય છે. જીવત્વ ઉપાદેય નથી. જીવમાં જીવત્વ છે.

મુમુક્ષુઃ- જીવમાં જીવત્વ છે.

ઉત્તરઃ- જીવમાં જીવત્વ છે. આ જીવત્વ પહેલો છે તે પ્રમાણજ્ઞાનનો વિષય છે.

મુમુક્ષુઃ- એમાં પણ ભાઈ! પ્રમાણજ્ઞાનનો વિષય?

ઉત્તરઃ- એમાં પણ પ્રમાણજ્ઞાન. જીવત્વ પણ પ્રમાણજ્ઞાનનો વિષય છે. એ શુદ્ધનયનો વિષય નથી. કેમકે દસ પ્રકારના પ્રાણથી જીવે છે એ વ્યવહારજીવ અને શુદ્ધ ચેતનાથી જીવે છે એ નિશ્ચયજીવ. એક જીવત્વમાં, આહાહા! જીવ એક છે નિરૂપણ બે પ્રકારે છે. એક નિશ્ચયજીવ અને એક વ્યવહારજીવ. આ. ભવ્યત્વ-અભવ્યત્વ એ તો પર્યાયની લાયકાત છે. અમુક કાળવર્તી જીવ અમુક કાળ થાશે એટલે મોક્ષમાં જશે એવી લાયકાત. અને કોઈ કાળે પણ મોક્ષ ન થાય એવી પર્યાયની લાયકાત. એનું નામ અભવ્યત્વ. જેમ મગ છે બે પ્રકારના કોયડું અને ચડી જાય એવા. પાણીથી ચડી જાય એને ભવ્યત્વ કહેવાય અને ન ચડે ગમે તેવું પાણી અને તાપ આપો, કોયડુ મગ કહેવાય ચડે જ નહીં કોઈ દિવસ.

એ બે પ્રકારના જીવો છે પર્યાયની યોગ્યતાવાળા, અને એક જીવત્વ એ ત્રણે પ્રકારનું પારિણામિક છે. એને પારિણામિકભાવ કહે છે, જુઓ! એમાં શુદ્ધ પારિણામિક વિશેષણ ન લગાવ્યું. કેમકે દસ પ્રકારના પ્રાણ એમાં આવી જાય છે. અને ભવ્ય અભવ્ય એ બધાને ત્રણ હોય આ. ભવિ અભવીને જીવત્વ ત્રણેય હોય. જીવત્વ હોય. ભવિને ભવ્યત્વ હોય અને અભવીને અભવ્યત્વ. અભવ્યને ભવ્યત્વ ન હોય ને ભવ્યને અભવ્યત્વ ન હોય. બેયમાં ફેર પણ જીવત્વ તો કોમન. ભવિ અભવી બધા જીવો એને જીવત્વ કહેવાય. એમ. દસ પ્રકારના પ્રાણથી જીવે છે અને અંદરમાં અંતરગર્ભિત શુદ્ધ જીવત્વ એની પાસે શક્તિરૂપે છે જો કહેશે. **એમ ત્રણ પ્રકારના પારિણામિક ભાવોમાં** એ પ્રમાણજ્ઞાનનો વિષય.

હવે એમાંથી જિન વચનમાં જે કુશળ એ શુદ્ધનયથી કાઢે છે આત્માને. એમાંથી જ. જેમ નવતત્ત્વમાંથી શુદ્ધઆત્મા ઉપાદેય છે એમ ત્રણ પ્રકારના પારિણામિકભાવમાંથી શુદ્ધજીવત્વ ઉપાદેય છે. આહાહા! એમાં, **ભાવોમાં, શુદ્ધજીવત્વ**, જુઓ! **એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું.** આ વ્યક્તિ છે, દસ પ્રકારના પ્રાણ વ્યક્ત છે. એ વ્યક્ત છે. પર્યાય છે. પર્યાયાર્થિકનયનો વિષય છે. હવે શુદ્ધજીવત્વ એ શુદ્ધનયનો વિષય છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય, **એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું** તે, **તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને 'શુદ્ધપારિણામિકભાવ' એવી સંજ્ઞાવાળું જાણવું.** આહાહા! આ જુઓ! ભાવોમાં, પ્રમાણજ્ઞાનના વિષયમાં શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો શુદ્ધ જીવત્વ એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું તે, ઓલો પ્રમાણજ્ઞાનનો વિષય હતો આ નયનો વિષય આવ્યો. જુઓ! પ્રમાણમાંથી નય કાઢી. 'માં' છે ને?

એ તો પ્રમાણનો વિષય હતો એમાંથી નય કાઢી. શું? કઈ નય? શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી, ઓલું પ્રમાણાશ્રિત હતું ત્રણેય. આ શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત એટલે કે જે જ્ઞાનનો વિષય શુદ્ધદ્રવ્ય હોય એને જાણનારું જે જ્ઞાન તેને શુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે અને એનો વિષય છે. વિષય હોવાથી એ શુદ્ધજીવત્વ કેવો છે? **નિરાવરણ** એને ભાવ આવરણ નથી ભાવકર્મનું, દ્રવ્યકર્મનું આવરણ નથી ને નોકર્મનું પણ આવરણ નથી. આહા! આઠ પ્રકારના કર્મના આવરણથી રહિત, ભાવકર્મથી રહિત આહાહા! એવો **હોવાથી નિરાવરણ અને 'શુદ્ધપારિણામિકભાવ' એવી સંજ્ઞાવાળું જાણવું.** સંજ્ઞા એટલે નામ. આવું નામ છે એનું. આહાહા! જુઓ, બહુ સરસ છે.

હવે એ જે શુદ્ધપારિણામિકભાવ છે **તે તો બંધમોક્ષપર્યાયપરિણતિ રહિત છે.** શૂન્ય, અભાવ અને હવે આવ્યું રહિત. બે બોલ આવ્યા હતા. શૂન્ય આવ્યું હતું અને અભાવ આવ્યો હતો. હવે આ રહિત આવ્યું. રહિત થશે નહીં, રહિત છે. આહાહા! પ્રમાણમાંથી શુદ્ધનયનો વિષય કાઢવો એ કોઈક જ જીવ કાઢી શકે છે. પ્રમાણ સુધી તો બધા આવી ગયા. પ્રમાણમાં આવે એ પંડિત અને શુદ્ધનયમાં આવે તે જ્ઞાની. પંડિતો પ્રમાણજ્ઞાનમાં આવી જાય. તત્ત્વાર્થસૂત્ર વાંચે એટલે પ્રમાણજ્ઞાનનો વિષય આત્માનો પદાર્થ, પદાર્થની પ્રસિદ્ધિ કરે છે, આહા! તે તો, આ જે ઉપાદેય તત્ત્વ છે તે તો, શુદ્ધપારિણામિકભાવ છે તે તો, શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે તે તો, શુદ્ધનયનો વિષય છે તે તો, ઉપાદેયભૂત વસ્તુ છે તે તો, તે તો, **તે તો**, હું તો, **તે તો** એટલે? હું તો, એમ.

બંધ-મોક્ષ પર્યાયથી રહિત છે. આહા! એને બંધ પણ થતો નથી અને એનો મોક્ષ પણ થતો નથી. મોક્ષની પર્યાયથી રહિત આત્મા છે. આહાહા! પર્યાયથી, પરિણામમાત્રથી રહિત, આહાહા! એ સ્વીકાર કરવો એમાં અનંતો પુરુષાર્થ છે. પછી એની સન્મુખ થઈને અનુભવ કરવો એમાં અનંતો પુરુષાર્થ છે. પહેલા બુદ્ધિમાં રહિતવાળો જ હું છું આત્મા. પર્યાય નિરપેક્ષ. પર્યાય સાપેક્ષ હું નહીં, પર્યાય સહિત હું નથી. આહા! તે તો, આહા! રાગ-દ્વેષ, મોહથી રહિત, મિથ્યાત્વના પરિણામથી રહિત, મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગથી રહિત અને મોક્ષની પર્યાયથી પણ રહિત, કેવળજ્ઞાનની પર્યાયથી ભગવાનઆત્મા રહિત છે. કેવળજ્ઞાનની પર્યાયથી આત્મા રહિત છે. આહાહા!

હવે કેવળજ્ઞાનની પર્યાયથી રહિત હોય તો મતી, શ્રુતથી તો રહિત આવી ગયું, આહાહા! પુણ્ય ને પાપથી રહિત આત્મા છે. અને જીવો પુણ્ય-પાપને હું કરું, આહાહા! દ્રષ્ટિ તદ્દન વિપરીત છે. એ

જ્ઞાતા ન થાય. તે તો, આહાહા! હેં? છે ને? આમાં છે તે આપણે વાંચીએ છીએ. તે તો, પછી હું તો, હું તો બંધ અને મોક્ષના પરિણામથી રહિત છું. તે ત્રિકાળી સામાન્ય, આહાહા! સામાન્યને અવલોકતો અને વિશેષને નહીં અવલોકતો એમાં અનુભવ થાય છે. **તે તો બંધમોક્ષપર્યાયપરિણતિ રહિત છે.** આહાહા! પરિણતિ એટલે ક્રિયા. બંધ-મોક્ષ પર્યાય પરિણતિ, પર્યાયની જે ક્રિયાઓ એનાથી આત્મા રહિત છે. રહિત થશે નહીં રહિત છે. હવે આગળ. માલ ભર્યો છે આમાં.

**પરંતુ જે દશપ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વય તે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી 'અશુદ્ધપારિણામિકભાવ' સંજ્ઞાવાળા છે.** આહાહા! **પરંતુ જે દશપ્રાણરૂપ જીવત્વ**, ઉપરમાં જીવત્વ કહ્યું હતું ને? પ્રમાણનો વિષય. પ્રમાણનો વિષય કહ્યો હતો તેમાંથી શુદ્ધ જીવત્વ એક કાઢ્યું, હેં? અને હવે આ અશુદ્ધ જીવત્વ દસ પ્રાણરૂપ જીવત્વ એ પર્યાયાર્થિકનયનો વિષય છે. પર્યાય છે. જીવત્વ નાશવાન છે, દસ પ્રાણ છે ને એ નાશવાન છે. આહાહા! દસ પ્રકારના પ્રાણમાં પાંચ જ્ઞાનનો ઉઘાડ, મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છવાસ ને આયુ. એમ દસ પ્રકારના પ્રાણ છે. પર્યાય છે. યોગ્યતા જીવની.

એ **જીવત્વ**, જીવપણું અને **ભવ્યત્વ** અને **અભવ્યત્વદ્વય**, ભવ્યત્વ અને અભવ્યત્વ બેય, **તે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી**, એટલે વ્યવહારનયનો વિષય હોવાથી તે હેય છે પણ ઉપાદેય નથી. હવે એ ત્રણેય, એ ત્રણેય **'અશુદ્ધપારિણામિકભાવ' સંજ્ઞાવાળા છે.** ઓમાં કહ્યું હતું, જુઓ! શુદ્ધપારિણામિકભાવ એમ કહ્યું હતું. એવી સંજ્ઞાવાળો અને આમાં ત્રણેયને શું કહ્યું? અશુદ્ધપારિણામિકભાવ સંજ્ઞાવાળા છે. એના નામ છે પણ અશુદ્ધપારિણામિક છે. એક શુદ્ધપારિણામિક અને ત્રણ અશુદ્ધપારિણામિકભાવ. અશુદ્ધપારિણામિક વ્યવહારનયનો વિષય છે અને શુદ્ધપારિણામિક છે એ નિશ્ચયનયનો વિષય છે. આહા! સંજ્ઞાવાળા છે.

**પ્રશ્ન:- 'અશુદ્ધ' કેમ?** એને અશુદ્ધ કેમ કહો છો, પ્રભુ!

**ઉત્તર:- સંસારીઓને શુદ્ધનયથી અને સિદ્ધોને તો સર્વથા દશપ્રાણરૂપ જીવત્વનો અને ભવ્યત્વ-અભવ્યત્વનો અભાવ હોવાથી**, અશુદ્ધ કેમ કહ્યું? કે સંસારીઓને, સંસારીઓને શુદ્ધનયથી અભાવ છે. અને મોક્ષગામી જીવને શુદ્ધનય અને વ્યવહારનયથી, તે બેય નયથી અભાવ છે. માટે તે અશુદ્ધ પારિણામિકભાવ કહેવાય. નાશ થાય એ શુદ્ધ પારિણામિક ન હોય, અશુદ્ધપારિણામિક હોય એ નાશ થાય. સંસારીઓને શુદ્ધનયથી અને સિદ્ધોને તો સર્વથા દસ પ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ, અભવ્યત્વનો અભાવ હોવાથી. એટલે ભવ્યત્વભાવનો પણ અભાવ થાય છે. એનો અર્થ એ પર્યાય નથી પણ પર્યાયની યોગ્યતા છે. કેમકે ભવ્યત્વભાવનો પણ અભાવ લખ્યો. આમાંથી નીકળ્યું કે ભવ્યત્વ અને અભવ્યત્વ ગુણ નથી પણ પર્યાય અપેક્ષિત ધર્મ છે. સમજી ગયા?

પર્યાય અપેક્ષિત (ધર્મ છે) ગુણ હોય તેનો અભાવ ન થાય. અને યોગ્યતા હોય એનો અભાવ થાય. યોગ્યતા એટલે એ જીવની યોગ્યતા હતી મોક્ષ થવાની, મોક્ષ થઈ ગયો, મોક્ષ થઈ ગયો પછી યોગ્યતાનો પ્રશ્ન રહેતો નથી. એમ.

મુમુક્ષુ:- અને અશુદ્ધનયનો વિષય છે.

ઉત્તર:- અશુદ્ધનયનો વિષય છે. ત્રણેય, અને હેય છે, ઉપાદેય નથી. હવે આટલું આપણે ચાલ્યું. આમાંથી થોડી ચર્ચા કરવી હોય તો કાઢો પછી આગળ જઈએ. આપણે ઉતાવળ નથી. આ વિષય ઘેરો

છે, સમજી ગયા? આ વિષય સમાજમાં, ચાલતા સમાજમાં ચાલતો નથી. ચાલુ જે સમાજ છે દિગંબર સમાજ એમાં, પંડિતોને ખબર નથી, ત્યાગીઓને ખબર નથી. મૂળ ચીજ છે આ જૈનદર્શનનો પ્રાણ છે આ. કેટલું ક્લિયર છે, સંધ્યા! જરાક શાંતિથી ધીરો થઈને, મધ્યસ્થ થઈને એક વાંચે ને, અને જો એના ઉપર શ્રદ્ધા હોય, આચાર્ય ઉપર, કે આચાર્ય ભગવાનનું વચન છે, ખલાસ! તીર્થંકરનું વચન અને મુનિરાજના વચનમાં કાંઈ ફેર નથી. આહા! ૮૦૦ વર્ષ પહેલાંની ટીકા છે, આ. સંસ્કૃતમાં.

મુમુક્ષુ:- સંસારીઓને શુદ્ધનયે પણ અભાવ હોય, વર્તમાનમાં શુદ્ધનયથી જોવામાં આવે તો વર્તમાનમાં અભાવ છે.

ઉત્તર:- સંસારીજીવને દસ પ્રકારના પ્રાણ અત્યારે નથી. શુદ્ધનયથી જોવામાં આવે તો સંસારીજીવને દસ પ્રકારના પ્રાણનો અભાવ છે.

મુમુક્ષુ:- એટલે ઇન્દ્રિયજ્ઞાનનો અભાવ છે.

ઉત્તર:- ઇન્દ્રિયજ્ઞાનનો અભાવ છે અત્યારે. અત્યારે ઇન્દ્રિયજ્ઞાન નથી આત્મામાં. આહા!

મુમુક્ષુ:- શ્વાસોચ્છવાસનો અભાવ છે.

ઉત્તર:- શ્વાસોચ્છવાસનો અભાવ છે. અત્યારે. અને આયુષ્યનો અત્યારે અભાવ છે. પણ કેટલા વર્ષનું આયુષ્ય? આયુષ્ય જ નથી આત્માને. આહાહા! આયુષ્ય નથી તો દેહ ક્યાંથી હોય? આયુષ્ય તો દેહને છે ને? આત્માને આયુષ્ય ન હોય. આયુષ્ય વગરનો આત્મા છે. મને આયુષ્ય લાગું પડતું નથી. તો પછી હાય! હું મરી જાઈશ એ પ્રશ્ન રહેતો નથી. આત્મા મરતો જ નથી. તો હાય-હોય કરવાની ચિંતા શું? ડોક્ટર કહે કે તમારું હાર્ટ નબળું છે એટલે અઠવાડિયાથી વધારે આયુષ્ય નહીં હોય, મારું આયુષ્ય જ નથી, મને. સાહેબ તમે ભૂલ્યા, ઘર ભૂલી ગયા. અહીંયા નહીં બીજે જાવ. તમારે જે કહેવું હોય તે કહી દયો, અમને કાંઈ, બેધડક છીએ અમે તો. આહાહા!

અમે તો અહીંયા પણ શુદ્ધજીવત્વ પારિણામિક શક્તિથી જીવીએ છીએ અને જયાં જાશું ત્યાં અમે જ્ઞાન અને આનંદથી જીવશું, બસ. આહા! અમારો પ્રાણ તો જ્ઞાનપ્રાણ છે. અને જ્ઞાનપ્રાણ તો અમારી સાથે આવશે. આહાહા! દેહ તો અહીં છૂટી જશે.

મુમુક્ષુ:- પ્રાણ વિના નહીં રહીએ.

ઉત્તર:- પ્રાણ વિના નહીં રહેવાનું, રહેવાનો નથી. આ પ્રાણ વિનાનો રહે સાદી અનંતકાળ.

મુમુક્ષુ:- એ પ્રાણ વિના તો અત્યારે પણ છે.

ઉત્તર:- અત્યારે પણ છે. અને સંયોગમા પણ અભાવ થાય તો હું ત્યાં રહેવાનો છું. આનો સંયોગ ભલે અભાવ થાય, આહાહા! ગજબનું શાસ્ત્ર છે.

મુમુક્ષુ:- સિદ્ધ જેવો છે આત્મા.

ઉત્તર:- હા, સિદ્ધ જેવો છે. અત્યારે કહ્યું ને? સંસારીઓને શુદ્ધનયથી અત્યારે અભાવ છે દસ પ્રાણનો. જીવથી જીવનું ભેદજ્ઞાન કરવું. કહ્યું હતું જયપુરમાં. જીવથી જીવનું ભેદજ્ઞાન, એ આ. એક શુદ્ધ જીવ ને એક અશુદ્ધ જીવ. અશુદ્ધ જીવ તે હું નહીં ને શુદ્ધ જીવ તે હું.

મુમુક્ષુ:- પ્રમાણમાં ત્રણ રીતે આમાં પ્રમાણ લીધા. એક તો ઉપરનો.

ઉત્તર:- પાંચ ભાવ.

મુમુક્ષુ:- પાંચ ભાવ, તે પણ પ્રમાણનો વિષય.

ઉત્તર:- પ્રમાણનો વિષય.

મુમુક્ષુ:- એ તો ભલે ઠીક, અત્યારે એને તો જવા દયો, ચાર ભાવની તો વાત જવા દયો.

ઉત્તર:- જવા દયો.

મુમુક્ષુ:- હવે પારિણામિકભાવમાં પણ ત્રણ ભેદ કર્યા, તે પણ પ્રમાણનો વિષય.

ઉત્તર:- હા, પ્રમાણનો વિષય.

મુમુક્ષુ:- તેમાં પણ એકલા ભવ્યત્વ, અભવ્યત્વને જવા દયો.

ઉત્તર:- કાઢી નાખો, જવા દયો.

મુમુક્ષુ:- હવે એક જીવ છે તે પણ પ્રમાણનો વિષય.

ઉત્તર:- પ્રમાણનો વિષય.

મુમુક્ષુ:- તેમાંથી શુદ્ધનયનો વિષય કાઢવો.

ઉત્તર:- કાઢવો.

મુમુક્ષુ:- કેટલો આત્મા કવર (પેક) છે.

ઉત્તર:- કવર છે. કવરમાંથી કાઢવો.

મુમુક્ષુ:- ત્રણ કવરની અંદર છે.

ઉત્તર:- અંદર છે. આહાહા! અંતર્મુખજ્ઞાનથી તેને પકડી લેવો, બહાર કાઢવો. સોનાને કુલડીમાંથી કાઢવું બહાર. શુદ્ધ દેખાય છે. એ ગુફામાં આત્મા બિરાજમાન છે. ગુફામાં જાય અંદરમાં તો દર્શન થાય છે. એમ દર્શન નથી થતાં ઉપર ઉપરથી.

મુમુક્ષુ:- કવરને જોઈને જ બહાર પાછા ફરે તો એમાં શું મળે?

ઉત્તર:- કાંઈ નથી.

મુમુક્ષુ:- આની અંદર, આની અંદર પછી આની અંદર.

ઉત્તર:- કોઈ તો દેહને આત્મા માને, કોઈ આઠ કર્મને આત્મા માને, કોઈ શુભાશુભભાવને આત્મા માને અને કોઈ ઇન્દ્રિયજ્ઞાનને આત્મા માને. એનાથી ભિન્ન છે આત્મા. આહાહા! અંદર બિરાજમાન છે પરમાત્મા. ભગવાનના દર્શન કરે તો ધર્મ થાય, બાળકને એમ કહે, નાના બાળકોને. જા ભગવાનના દર્શન કરી આવ તો ધર્મ થશે. ધર્મ થશે એ સંસ્કાર એવા છે કે ધર્મ થશે એટલે એ ગમે. ગમે જીવને. તો દર્શન કરવા જાય. પણ કયા ભગવાનના દર્શન કરવાથી ધર્મ થાય એ રહી ગયું. વ્યવહાર ભગવાનના દર્શન કર્યા પણ નિશ્ચય ભગવાન અહીંયા, આહાહા! એ રહી ગયું. આને ન જાણ્યો એક.

જે નજીકમાં નજીક છે. અને કોઈ કાળે દર્શન કરવા જાવ એટલે ના પાડે જ નહીં, મોઢું ફેરવે જ નહીં. આહાહા! મંદિર તો રાત્રે બંધ થઈ જાય. ભગવાનના દર્શન કરવા હોય તો જાવ પણ તાળા બંધ હોય. રાતના બે વાગ્યે અહીંયા ભગવાનના દર્શન કરવા હોય તો? આહાહા! અને અશુભ ચોઘડિયું હોય તોપણ દર્શન થાય? ચોઘડિયા કહેવાય ચોઘડિયા, કાળ ચોઘડિયા આવે. ખરાબ કાળ છે ને એમ કહે છે. એ બ્રાહ્મણ લોકોનો પ્રચાર છે. સમજી ગયા?

કાળી ચૌદશ, ધનતેરસ પછી ચૌદશ આવે. હેં! એવી અંધારી રાત્રી, દર્શન થાય છે? કે હા દર્શન

થાય છે. આહાહા! કે આ ગ્રહણ થઈ ગયું, સુર્યગ્રહણ, કે દર્શન થશે? હા, ભગવાનના દર્શન થશે.

મુમુક્ષુઃ- (સુર્ય)ગ્રહણ અહીંયા ન હોવું જોઈએ, વ્યવહારના પક્ષનો સુર્યગ્રહણ ન હોવું જોઈએ તો દર્શન થાય છે.

ઉત્તરઃ- હા, અહીં તો આ સુર્ય નિરાવરણ છે, એને તો ક્યાં રાહુ આડો આવે છે. તે રાહુ આડો નથી આવતો. એ તો (નિરાવરણ છે)

મુમુક્ષુઃ- આ ત્રણ પ્રમાણ ક્યા પ્રકારના જો કોઈ પક્ષની જોડે રાહુ આવી ગયો આડો.

ઉત્તરઃ- ખલાસ! રાહુ આવી ગયો આડો. પક્ષમાં રોકાણો. વ્યવહારના પક્ષમાં .....

મુમુક્ષુઃ- કેવળ પક્ષવાદ જ છે. બીજું કાંઈ વાદ નથી.

ઉત્તરઃ- પક્ષવાદ જ છે. વ્યવહાર બાધક નથી. નિશ્ચયપૂર્વક વ્યવહાર જ્ઞાનીને જાણેલો પ્રયોજનવાન છે. પણ એને પક્ષ નથી. દસ પ્રકારના પ્રાણ છે એમ જાણે છે પણ એમાં અહમ નથી. એ હેયપણે જાણે છે.

મુમુક્ષુઃ- જાણે છે ત્યારે તો બતાવે છે.

ઉત્તરઃ- એ બતાવે છે કે અમે જાણીએ છીએ પણ તે તત્ત્વ અમારું નથી. એ અશુદ્ધનયનો વિષય છે. હેય છે અમને, ઉપાદેય નથી. શાસ્ત્રજ્ઞાનને જ્ઞાન માન્યું ને એ અશુદ્ધનયમાં અટકી ગયો. શાસ્ત્રનું જ્ઞાન જ્ઞાન નથી. ઇન્દ્રિયજ્ઞાન છે. આહા!

મુમુક્ષુઃ- વ્યવહાર જ્ઞેય છે.

ઉત્તરઃ- વ્યવહાર જ્ઞેય છે. નાશવાન છે. શુદ્ધનયથી અત્યારે એનો આત્મામાં અભાવ છે. ક્ષયોપશમજ્ઞાનનો અભાવ હોવાથી ભાવઇન્દ્રિય વડે પણ તે શાસ્ત્રને વાંચતો નથી અને દેશનાલબ્ધિ સાંભળતો નથી. અત્યારે કાન નથી. આત્માને આ કાન નથી. અને કાનની પાસે જે સાંભળવાનો ઉઘાડ છે ને જ્ઞાનનો ઇન્દ્રિયજ્ઞાનનો એ આત્મામાં નથી. એનાથી આત્મા રહિત છે. અરે! કેવળજ્ઞાનથી રહિત છે તો ઇન્દ્રિયજ્ઞાનથી તો રહિત હોય. પણ રહિતનો એ નિર્ણય કરતો નથી કે હું રહિત છું કે સહિત છું. આહા! એક છ મહિના સુધી તો એણે વિચાર કરવો જોઈએ કે પર્યાયથી (હું) સહિત છું કે રહિત છું. અને જો એક દિવસમાં નિર્ણય થઈ જાય તો છ મહિનાનું તો કાંઈ કામ નથી. વધારેમાં વધારે છ મહિના સુધીમાં નિર્ણય થઈ શકે છે.

મુમુક્ષુઃ- આવી સ્પષ્ટ વાત આવે ને નિર્ણય કેમ ન થાય.

ઉત્તરઃ- નિર્ણય થઈ ગયો સમજો. સ્પષ્ટ એકદમ. જિન વચનમાં કુશળ છે. પ્રમાણમાંથી શુદ્ધનયનો વિષય કાઢે છે.

મુમુક્ષુઃ- 'માં' માંથી કાઢે છે.

ઉત્તરઃ- 'માં' માંથી કાઢે છે. માં.

મુમુક્ષુઃ- પારિણામિકભાવોમાં

ઉત્તરઃ- 'માં'. એમાં ન ગમ્યું એને એક ભાઈને બેઠું નહીં. નવતતત્વોમાં જેમ છુપાયેલી આત્મજયોતિ છે એમ ત્રણ પ્રકારના પારિણામિકભાવ એમાં આત્મા જુદો એનાથી રહેલો છે. ત્રણ ભાવથી જુદો રહેલો છે.

મુમુક્ષુ:- આપે જીવત્વમાં કહ્યું ને એમાં બે ભાવ ક્યાંથી આવ્યા, આપે ૯ મી અને ૧૩ મી ગાથાનો આધાર આપ્યો કે નવતત્ત્વમાં (છુપાયેલી આત્મજયોતિ) તેમાંથી કાઢવાની છે.

ઉત્તર:- પછી ઢીલા પડી ગયા.

મુમુક્ષુ:- આ એકદમ ગુપ્ત તત્ત્વ છે.

ઉત્તર:- ગુપ્ત તત્ત્વ છે. ગુપ્ત ચમત્કાર છે, શ્રીમદે કહ્યું છે. ગુપ્ત ચમત્કાર જીવોને ખ્યાલમાં આવતો નથી. આહાહા!

મુમુક્ષુ:- જીવત્વમાં જીવ રહેલો છે.

ઉત્તર:- જીવત્વમાં જ જીવ છે. પણ તે જીવ છે તે જીવત્વરૂપ થયો નથી, દસ પ્રાણરૂપ થયો જ નથી ને. જુદો ને જુદો એમાં ને એમાં રહે છે. અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા, આહાહા! ઇન્દ્રિયજ્ઞાનમય આત્મા એમાં જે અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા એ જુદો ને જુદો રહેલો છે અંદરમાં. આહાહા! જીવમાં જીવ જુદો છે. જીવ એક છે એનું નિરૂપણ બે પ્રકારે છે. જેમ મોક્ષ એક છે નિરૂપણ બે પ્રકારે છે. એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ. એમ જીવ એક નિરૂપણ બે. એક નિશ્ચયજીવ ને એક વ્યવહારજીવ.

મુમુક્ષુ:- નિશ્ચયજીવ ઉપાદેય અને વ્યવહારજીવ હેય છે.

ઉત્તર:- હેય છે, બસ. બીજી વાત સાત તત્ત્વનો સમૂહ જે હેય કહ્યો ને એ આ. દસ પ્રકારના પ્રાણવાળો જે જીવ છે એ હેય છે. એમાં આત્મા આત્માને ઉપાદેય છે એ શુદ્ધજીવત્વ, એ ઉપાદેય છે. જીવત્વ નામની એક શક્તિ છે એનાથી જીવ જીવે છે, દસ પ્રાણથી જીવતો નથી. દસ પ્રાણનો તો અભાવ થાય છે સિદ્ધમાં, તો પણ જીવે છે. એ શેનાથી જીવે છે? જીવત્વ નામની એક આત્મામાં શક્તિ છે. ૪૭ શક્તિમાં પહેલી શક્તિ છે. સમયસર લાવો ને.

મુમુક્ષુ:- એમ જીવત્વ શક્તિથી શરૂઆત કરી.

ઉત્તર:- શરૂઆત ત્યાંથી કરી. આત્મદ્રવ્યને કારણભૂત, નીચેથી છે. કેટલીક શક્તિઓ નીચે પ્રમાણે છે, આત્મદ્રવ્યને કારણભૂત, હોં! પર્યાયને કારણભૂત નહીં. **આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું**, એટલે સામાન્ય **ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ. આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં-આત્મામાં-ઉછળે છે.** આ ભાવપ્રાણ છે. અને ઓલું દસ પ્રાણ છે તે દ્રવ્યપ્રાણ છે.

જે જીવત્વ નામના દસપ્રાણ છે એ દ્રવ્યપ્રાણ કહેવાય એને. અને આને ભાવપ્રાણ કહેવાય. દ્રવ્યપ્રાણ છે એ પણ પર્યાય છે. દ્રવ્યપ્રાણ છે એ પણ પર્યાય લેવી. એમ. એની યોગ્યતા, જીવની યોગ્યતા. અને જે જીવત્વ શક્તિ ભાવપ્રાણ છે એ ત્રિકાળીદ્રવ્ય. નિત્ય નિરાવરણ એને ભાવપ્રાણ કહેવાય. કોઈ દિવસ અભાવ ન થાય. એ ભાવનો અભાવ ન થાય. રહ્યા જ કરે. જીવદ્રવ્યનું કારણ છે, એમ. પર્યાયનું નહીં.

મુમુક્ષુ:- આત્મદ્રવ્યનું કારણ છે.

ઉત્તર:- આત્મદ્રવ્યનું કારણ પારિણામિકભાવ જીવત્વ શક્તિ. ત્રિકાળ નિત્ય નિરાવરણ. આહાહા!

શૂન્ય, અભાવ અને રહિત. ત્રણ બોલ આવ્યા. રહિત છે, હોં! આહા! થશે નહીં.

મુમુક્ષુઃ- અભાવ થવાથી નહીં અભાવ હોવાથી.

ઉત્તરઃ- હં... અભાવ હોવાથી. લ્યો! બે પારા થયા. ઉપરનું તો મથાળું હતું. બે પારા થયા. આહાહા! માલ માલ ભર્યો છે. બધાને બાદ બાદ કરતાં જે રહે અબાદ્ય અનુભવ તે આત્મા છે. બધું બાદ કરતાં કરતાં કરતાં કરતાં જેમાંથી કાંઈ નીકળી ન શકે તે આત્મા છે. બધુ કાઢ્યું. શરીરને બહાર કાઢ્યું શરીર તે આત્મા નહીં. આહાહા! આ દ્રવ્યઇન્દ્રિય છે તે આત્મા નહીં. આઠ કર્મ આત્મા નહીં. ભાવકર્મ રાગાદિ, દયા, દાન, કરુણા, કોમળતાના ભાવ એ આત્મા નહીં. એ આત્માની બહાર છે. આ ઇન્દ્રિયજ્ઞાન આત્માની બહાર છે. એક શુદ્ધાત્મા ચૈતન્યપ્રાણથી જીવ જીવે  છે. એ આત્મા છે, તે ઉપાદેય છે.

આ **જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિક ભાવોમાં**, પહેલી લાઇન છે. એમાં ત્રણ પ્રકારના પારિણામિકભાવ શબ્દ આ તો ત્રણ શબ્દ. **તે ત્રણમાં** એટલે જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વમાં, **તે ત્રણમાં, ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો**, જુઓ! ભવ્યત્વ લક્ષણ પારિણામિકમાં પણ શુદ્ધત્વ વિશેષણ લગાડતા નથી. કેમકે એ શુદ્ધ ન કહેવાય. ભવ્યત્વ લક્ષણ એટલે કે જે જીવનો મોક્ષ થવાની લાયકાત જેમાં પડી હોય તેને ભવ્યત્વભાવ કહેવામાં આવે છે. એની યોગ્યતા એવી છે કે એને સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય, ચારિત્ર થાય અને મોક્ષ પણ થઈ જાય. એવી પર્યાયની યોગ્યતા જેમાં પડી છે એવો **ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો**, આ પર્યાય અપેક્ષિત ધર્મ છે.

**તો યથાસંભવ** જેમ છે તેમ **સમયકત્વાદિ જીવગુણોનું ઘાતક** સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય લઈ લેવા. **સમયકત્વાદિ જીવગુણોનું ઘાતક**, આહાહા! એટલે કે બાધક **'દેશઘાતી' અને 'સર્વઘાતી' એવા નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું**. જો ઘાતીકર્મ અનુજીવી ગુણમાં બાધક છે એ ઘાતીકર્મ છે નિમિત્તપણે. અઘાતીકર્મ બાધક નથી. બાધક કે ઘાતક એ નથી અઘાતીકર્મ. નિમિત્ત નૈમિત્તિક સંબંધ અનુજીવી ગુણની પર્યાયની સાથે ઘાતી કર્મને છે અને ઘાતીકર્મના બે પ્રકાર, એક દેશઘાતી અને એક સર્વઘાતી. સર્વઘાતીનો ઉદય હોય તો બિલકુલ એ અર્થપર્યાય પ્રગટ જ ન થાય. અનુજીવી ગુણની શુદ્ધપર્યાય પ્રગટ જ ન થાય. સર્વઘાતી.

જેમકે, દાખલા તરીકે મિથ્યાત્વનો ઉદય હોય જ્યારે, ત્યારે અહીં ભાવમિથ્યાત્વ હોય. સર્વઘાતી કર્મની પ્રકૃતિ છે. અને જ્યારે ક્ષયોપશમ સમ્યગ્દર્શન હોય ત્યારે દેશઘાતીનો ઉદય હોય છે. સર્વઘાતીનો ઉદય હોતો નથી. એટલે એને ક્ષયોપશમ સમ્યગ્દર્શન થાય છે, એમ. એમ ચારિત્રમાં પણ લઈ લેવું સર્વઘાતી. કે અનંતાનુબંધી કર્મની પ્રકૃતિ છે એ સર્વઘાતી છે. તો એમાં સ્થિરતા બિલકુલ ન હોય. અને જ્યારે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય ત્યારે સર્વઘાતી પ્રકૃતિ નથી. દેશઘાતી પ્રકૃતિ એનો ઉદય છે, એમ. એટલે થોડી સ્થિરતા હોય અને થોડી સ્થિરતા ન હોય, એમ. એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ બતાવે છે. આખી ગોમ્મટસારની પદ્ધતિ આમાં આવી, કરણાનુયોગની. કરણાનુયોગથી સમજાવે છે.

**યથાસંભવ સમયકત્વાદિ જીવગુણોનું**, જીવગુણોનું એટલે જીવની પર્યાય લેવી. જીવના ગુણને ઘાતક કોઈ ન હોય. એ ધ્યાન રાખવાનું. જીવ ગુણોનું એટલે જીવની પર્યાયોનું ઘાતક.

મુમુક્ષુઃ- સમયકત્વાદિને દોષ નથી એટલે ગુણ છે એમ કહેવાય પણ છે પર્યાય.

ઉત્તરઃ- હા ગુણ છે, પર્યાય છે. બસ. એનું ઘાતક એટલે નિમિત્તપણે રૂકાવટ થાય છે. અહીંયા

પર્યાયની યોગ્યતા છે. સમ્યગ્દર્શન ન હોય અને મિથ્યાત્વ હોય ત્યારે શ્રદ્ધા ગુણની વિપરીત પર્યાયમાં બાધક કોણ છે કે સર્વઘાતી દર્શનમોહનો ઉદય છે. ત્યાં દર્શનમોહનો ઉદય છે અને અહીંયા ભાવ ઉદય મિથ્યાત્વનો છે. એમ, એમ બધામાં લઈ લેવું.

ઘાતક દેશઘાતી અને સર્વઘાતી એવા નામવાળું મોહાદિ કર્મ સામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે, લ્યો! એકલો મોહ લીધો આઠ કર્મમાં. શ્રીમદે કહ્યું છે,

**"કર્મ અનંત પ્રકારના તેમાં મુખ્યે આઠ,**

**તેમાં મુખ્યે મોહનીય હણાય તે કહું પાઠ"**

એ આ. મોહાદિ. મોહકર્મ સામાન્ય **પર્યાયાર્થિકનયે ઢાંકે છે**. દ્રવ્યાર્થિકનયે ઢાંકતું નથી એટલે વ્યવહારનયે ઢાંકે છે એમ કહેવામાં આવે છે. ઉપચારનું કથન છે. એક દ્રવ્યની પર્યાયને બીજા દ્રવ્યની પર્યાય ઢાંકી દયે છે એમ નહીં. અહીંયા યોગ્યતા ન હોય તો એનો ઉદય હોય તો ઢાંકે છે એમ કહેવામાં (આવે છે). આચ્છાદિત કરે છે એમ કહેવામાં આવે છે. એમ જાણવું.

મુમુક્ષુઃ- કેટલી એક એક વાતની સાવધાની, એક એક શબ્દની કેટલી કિંમત છે.

ઉત્તરઃ- સાવધાની, કિંમત છે. કિંમત છે.

મુમુક્ષુઃ- પર્યાયાર્થિકનયે ઢાંકે છે.

ઉત્તરઃ- દ્રવ્યાર્થિકનયે નહિ.

મુમુક્ષુઃ- મોહાદિકર્મસામાન્ય.

ઉત્તરઃ- એનો ઘાત કરી નાખે છે એમ નથી.

મુમુક્ષુઃ- ભાષા પણ નથી આવતી.

ઉત્તરઃ- ભાષા ક્યાંથી આવે? એક દ્રવ્યની પર્યાયને બીજા દ્રવ્યની પર્યાયને કર્તા-કર્મ સંબંધ ક્યાં છે? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. બે દ્રવ્ય વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પર્યાયની સ્વતંત્ર સત્ અહેતુક શ્રદ્ધા બતાવે છે. આધીન કોઈ કોઈને નથી. અહીંયા સ્વભાવને ભૂલ્યો મિથ્યાત્વ થયું ત્યારે દર્શનમોહનો ઉદય નિમિત્ત કહેવાય. એ નિમિત્ત અને આ નૈમિત્તિક અને બાકી ક્ષણિક ઉપાદાન છે. આહાહા! ક્ષણિક ઉપાદાનને નિમિત્તથી નિરપેક્ષ કહેવાય. નૈમિત્તિક સાપેક્ષ છે.

અહીંયા કર્મની સાથે સંબંધ કર્યો છે. સમજી ગયા? ક્ષણિક ઉપાદાન તો છે જ. પણ નિમિત્તના આશ્રયે થાય છે, લક્ષે માટે તેને નૈમિત્તિક કહેવાય, એમ. આહા! **ત્યાં** આવી ભલે સ્થિતિ છે. ભવ્ય થયું છે, હવે એને સમ્યગ્દર્શન થવાનો કાળ પાક્યો છે. **ત્યાં જ્યારે કાળાદિ લબ્ધિના વશે**, જુઓ! કાળાદિ લબ્ધિ પહેલી લીધી. નહીંતર પાંચે સમવાય સાથે છે. સ્વભાવ, સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ, કાળલબ્ધિ, ભવિતવ્યતા ને પ્રતિબંધ કારણનો અભાવ, મોહાદિનો અભાવ પાંચે સમય એક છે. પણ કાળ-આદિ લબ્ધિના વશે એટલે એનો સ્વકાળ પાકે છે પર્યાયની યોગ્યતાથી ભવ્યત્વ શબ્દની આ વાત ચાલે છે. યાદ રાખવું.

ભવ્યત્વભાવની વાત છે. ભવ્ય એટલે જીવને સમ્યગ્દર્શન થવાની યોગ્યતાનો પણ નિશ્ચિત કાળ છે. કાળ ફરે નહીં એનો. જે સમયે સમ્યગ્દર્શન થવાનું હોય એ જ સમયે થાય. ગમે તેવો પુરુષાર્થ કરે

તો વહેલું થાય નહીં. આહાહા!

મુમુક્ષુ:- એટલે?

ઉત્તર:- એટલે આત્મા અકર્તા છે. એટલે? એટલે આત્મા અકર્તા છે. આહા! તોપણ એ પ્રમાદી થતો નથી કાળની રાહ જોઈને. કે જ્યારે કાળ પાકશે ત્યારે સમ્યગ્દર્શન થશે એમ કાળ ઉપર નજર ન હોય એની. એની નજર સ્વભાવ ઉપર છે. મારામાં પરિણામમાત્રનો અભાવ છે. એવો શુદ્ધાત્મા અકર્તા હું છું, હું તો જાણનાર છું. જાણનાર મને જણાય છે. એમાં ને એમાં એનો કાળ પાકી જાય. સ્વભાવની સન્મુખ થતાં એનો કાળ પાકી ગયો. કાળલબ્ધિ પાકી ગઈ. કાળ જેવી કોઈ વસ્તુ નથી. એ કાળલબ્ધિ એટલે એ જ્યારે સમય બહારનો આવશે ત્યારે થશે એમ નહીં. સોમવાર, મંગળવાર, બુધવાર એમ નહીં. કાળ એટલે પર્યાયનો સ્વકાળ, પર્યાયનો સ્વકાળ એને કાળલબ્ધિ કહેવાય.

મુમુક્ષુ:- એ પર્યાયનો સ્વકાળ પણ ક્યારે પાકે?

ઉત્તર:- કે સ્વભાવની સન્મુખ થાય ત્યારે. અકર્તાનું જોર આવે ત્યારે. પર્યાયને હું કરું ને લાવું, કાળલબ્ધિ નહીં પાકે.

મુમુક્ષુ:- એનો પણ આત્મા જાણનાર છે.

ઉત્તર:- જાણનાર છે, એમ જ આવવું જોઈએ. હું કરનાર છું, હું કરી દઉં સમ્યગ્દર્શન, નહીં થાય.

મુમુક્ષુ:- મેં તમને પૂછ્યું હતું ને સમ્યગ્દર્શન કરું?

ઉત્તર:- કરું.

મુમુક્ષુ:- પહેલી વાર આવ્યા ત્યારે પૂછ્યું હતું ને?

ઉત્તર:- પહેલી વાર શું પૂછ્યું હતું?

મુમુક્ષુ:- સમ્યગ્દર્શન કરવું કે નહીં, એમ.

ઉત્તર:- તે પૂછ્યું હતું. શું જવાબ આપ્યો?

મુમુક્ષુ:- સમ્યગ્દર્શન કરવાનું, પાછું કરવાનું? થાય એને જાણવાનું.

ઉત્તર:- થાય થાય, બસ. થાય એને જાણવાનું. કરવું નહીં. થાય એને જાણવાનું એનું નામ કરવું બાકી કરવું પર્યાયને ઉત્પન્ન કરવું નહીં.

મુમુક્ષુ:- કરવું નહીં, થાય એને જાણવું એમ. સમ્યગ્દર્શન થાય એને પણ જાણવું.

ઉત્તર:- જાણવું. કેમકે મિથ્યાદર્શન ન કરવું પણ સમ્યગ્દર્શન તો કરવું ને? એ તો બધાને પ્રશ્ન આવે ને? પાપ ન કરું પણ પુણ્ય તો કરું ને? છેવટે પુણ્ય-પાપને ન કરું પણ ધર્મ તો કરું કે નહીં?

મુમુક્ષુ:- કરવું, કરવું, કરવું

ઉત્તર:- કરવું જ આવે, કરવું જ આવે. એ ભાષા કરવાની જ નીકળે છે. એ અજ્ઞાનીનું લક્ષણ છે. એ કરવાની ભાષા નીકળે છે. જાણવાની ભાષા પણ ન આવે. ભાષા ફરે નહીં તો ભાવ ક્યાંથી ફરે? આહા! જુઓ!

મુમુક્ષુ:- હા એ એમાં છે. કળશટીકામાં (કળશ ૪) પણ ભાઈએ એ કહ્યું હતું.

ઉત્તર:- કોટિ વર્ષ પણ ગમે તેટલો પ્રયત્ન કરે તો કાળલબ્ધિ, કોટિ ઉપાય કરે તો કાળલબ્ધિ પાક્યા વિના સાધ્યની સિદ્ધિ નથી થાતી.

મુમુક્ષુઃ- સમ્યગ્દર્શન યત્ન સાધ્ય નથી. સહજ સાધ્ય છે.

ઉત્તરઃ- સહજ સાધ્ય છે. યત્ન સાધ્ય નથી.

મુમુક્ષુઃ- એટલે?

ઉત્તરઃ- કેવળી ભગવાને જ્યારે જોયું હશે ત્યારે થશે. **તે જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્ગલપરાવર્તનમાત્ર રહે છે** એ કાળની મર્યાદામાં આવી જાય છે. એ કાળ કહે છે બહારનો કાળ. આહા! એ બહારનો કાળ. અર્ધપુદગલપરાવર્તનની અંદર આવે છે. ત્યારે સમ્યગ્દર્શન થવાને યોગ્ય થાય છે. અર્ધપુદગલપરાવર્તનનો એનો કાળ આવે છે એટલે મોક્ષ જવા માટે વધારેમાં વધારે અર્ધપુદગલપરાવર્તનમાં તો અનુભવ થાય જ. એ પ્રકારની એ જીવની પર્યાય પાકતી પાકતી પાકતી પાકતી પાકતી હવે ટૂંકા કાળમાં આવી ગઈ. કાળ હવે લાંબો નથી. બહારનો કાળ લાંબો નથી. સમજી ગયા? એ બહારનો કાળ છે. **અર્ધપુદગલપરાવર્તન રહે છે ત્યારે જ સમ્યકત્વ ઉપજવાને યોગ્ય** થાય **છે**. ત્યારે સમ્યગ્દર્શન થવાને યોગ્ય એ જીવ થઈ ગયો. હવે તેને સમ્યગ્દર્શન થવાની યોગ્યતા આવી ગઈ.

કાળ લાંબો નથી. અર્ધપુદગલપરાવર્તનથી બહાર રખડવાનો તો છે નહીં. ખલાસ! એની મર્યાદામાં આવી ગયો. ત્યારે એને સમ્યગ્દર્શન થવાને યોગ્યથાય છે. એમ. **આનું નામ કાળલબ્ધિ કહેવાય છે.** એ બહારના કાળની વાત છે. આ છે એ પર્યાયના સ્વકાળની વાત છે, કાળલબ્ધિ. કાળલબ્ધિના બે પ્રકાર છે. એક દ્રવ્યકાળ છે તે છ દ્રવ્યમાં દ્રવ્યકાળ છે. એ કાળનો સમય અંતરમુહૂર્ત દિવસ, રાત્રિ, અહો રાત્રિ જે છે ને કાળ એ વ્યવહારકાળ છે, આ નિશ્ચયકાળ છે. પર્યાયની યોગ્યતા અહીંયા ભવ્યત્વભાવની યોગ્યતા પાકે ત્યારે કાળલબ્ધિ કહ્યું છે. અહીંયા અર્ધપુદગલપરાવર્તન લીધું નથી આમાં, સમજી ગયા? આમાં અર્ધપુદગલપરાવર્તન છે. એ વ્યવહારકાળથી વાત કરી. અહીંયા અત્યારે વાત ચાલે છે નિશ્ચયકાળથી વાત છે.

પર્યાય પ્રગટ થાય એને સ્વકાળ કહેવાય. સ્વકાળ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ. **નામ કાળલબ્ધિ કહેવાય છે. યદ્યપિ સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે**, જીવ પોતે સમ્યગ્દર્શનરૂપે પરિણમે છે. ઓલો કાળ એને પરિણમાવતો નથી. એમ. પોતે પરિણમે છે. **તથાપિ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય જો કરવામાં આવે તોપણ** એના સ્વકાળ વિના તે પ્રગટ થતું નથી. કે જાય **તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી એવો નિયમ છે. આથી જાણવું કે સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે.** યત્ન સાધ્ય નથી એટલે? હું કરું? કરું? સમ્યગ્દર્શન કરું? એણે પ્રશ્ન પૂછ્યો હતો ને ઈ. કે સમ્યગ્દર્શન કરું એમાં સમ્યગ્દર્શન ન થાય, આત્માને જાણું એમાં સમ્યગ્દર્શન થાય. અને સમ્યગ્દર્શનને જાણે, કરે નહીં. એમ.

મુમુક્ષુઃ- આત્માને જાણે ત્યારે થઈ જાય.

ઉત્તરઃ- થઈ જાય ત્યારે જાણે. કે આ જાણ્યું. અને ઉપચારથી આત્માએ સમ્યગ્દર્શન કર્યું એમ પણ કહેવાય ઉપચારથી. આત્મા પરિણમ્યો સમ્યગ્દર્શનરૂપે તો આત્માએ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું એમ ઉપચારથી કહેવામાં આવે. બહારના કાળલબ્ધિથી વાત કરે છે. એનો કાળ પાકે ત્યારે થાય. અહીંયા સ્વકાળ નિશ્ચયની વાત છે. અને જે સહજ સાધ્ય છે, યત્ન સાધ્ય નથી એમાં કર્તાબુદ્ધિનો નાશ કરાવ્યો

છે. કરું કરું હવે નહીં થાય, સહજ થશે. તને પણ ખબર નહીં હોય. તું તો, હું તો જાણનાર જણાય છે એવા ભાવમાં ચડી ગયો ત્યાં સહજ થઈ જાય છે. અનુભવ થાય છે. એ અનુભૂતિ થાય એનું નામ સમ્યગ્દર્શન છે. અનુભૂતિ જો કે જ્ઞાન વિશેષ છે, તોપણ સમ્યગ્દર્શન સાથે અવિનાભૂત છે. એટલે અનુભૂતિ થાય તો સમ્યગ્દર્શન હોય ત્યારે જ અનુભૂતિ થાય. બેય એક સાથે જન્મે છે, એમ. અનુભૂતિને પણ સમ્યગ્દર્શન કહેવાય. એમ. ખરેખર પ્રતીતિ છે સમ્યગ્દર્શનનું લક્ષણ, પણ ઉપચારથી અનુભૂતિને પણ સમ્યગ્દર્શન અવિનાભાવ ગણીને કહી શકાય, એમ.

મુમુક્ષુ:- અનુભૂતિના કાળમાં જ સમ્યગ્દર્શન હોય.

ઉત્તર:- હોય. અનુભૂતિ સમ્યગ્દર્શન વિના ન હોય. અનુભૂતિ સમ્યગ્દર્શન વિના ન હોય. તો અનુભૂતિને પણ સમ્યગ્દર્શન કહી દેવાય. અવિનાભાવ ગણીને. આત્માની પ્રત્યક્ષ અનુભૂતિ થાય એનું નામ જ સમ્યગ્દર્શન છે. એમ. અનુભૂતિને સમ્યગ્દર્શન કહેવું તે ઉપચાર છે અને પ્રતીતિને સમ્યગ્દર્શન કહેવું તે અણઉપચાર છે. એમ. કેમકે ઓલી જ્ઞાનની પર્યાય છે, એક શ્રદ્ધાની પર્યાય છે. બેય.

મુમુક્ષુ:- અનુભૂતિ જ્ઞાનની પર્યાય છે.

ઉત્તર:- જ્ઞાનની પર્યાય છે અને સમ્યગ્દર્શન શ્રદ્ધાની પર્યાય છે. પ્રતીતિ. પ્રતીતિ આવી, જેમકે એક પદાર્થ જાણ્યો અને જાણીને શ્રદ્ધાન કર્યું. હેં! તો જાણવાનું નામ અનુભવ અને પ્રતીતિનું નામ સમ્યગ્દર્શન, શ્રદ્ધા, એમ. તો સમ્યગ્દર્શનનું લક્ષણ પ્રતીતિ છે, સમજી ગયા? અને અનુભૂતિ એ જ્ઞાનની પર્યાય છે. પણ તમારો ઉપયોગ અંદરમાં જયાં ગયો અને આત્માનો અનુભવ તમને થયો તો અનુભૂતિ થઈ આત્માની તો અનુભૂતિ થઈ ત્યારે સમ્યગ્દર્શન થાય થાય ને થાય. કેમકે તમારા જ્ઞાને જ્ઞાયકને જાણ્યો. જ્ઞાયક તે હું. એમ આવ્યું ને? હું આવ્યું જ્ઞાયકમાં તો શ્રદ્ધાએ પણ હું કરી લીધું, આહાહા! એમ.

પ્રતીતિ થઈ ગઈ. જાણેલાનું શ્રદ્ધાન. જાણવામાં આવ્યો આત્મા તો શ્રદ્ધા પણ એ પ્રકારે થઈ ગઈ. એક સમયમાં બેય થાય છે. તો અનુભૂતિને પણ સમ્યગ્દર્શન કહેવાય. કેમકે સમ્યગ્દર્શનની સાથે છે એટલે. અને અનુભૂતિ છે ને એ પ્રગટ લક્ષણ છે. પ્રગટ લક્ષણ. અનુભૂતિને ઈ આત્મા પોતે જાણી શકે છે. અને જે શ્રદ્ધાની પર્યાય પ્રગટ થઈ છે, એ પણ શ્રદ્ધા પ્રગટ થઈ પણ શ્રદ્ધા પોતે નિર્વિકલ્પ છે. એટલે જ્ઞાનની દશાથી બધું વર્ણન ચાલે છે. જ્ઞાન જ વર્ણન કરે છે. સમ્યગ્દર્શન થયું હોય તે કોણ જાણે? કે જ્ઞાન. સમ્યકચારિત્રને કોણ જાણે? કે જ્ઞાન. આત્મા આવો છે કોણ જાણે? કે જ્ઞાન. આનંદ આવ્યો કોણ જાણે? કે જ્ઞાન. એ બધું જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનમય આત્મા છે, બસ.

મુમુક્ષુ:- જ્ઞાનનું વર્ણન છે.

ઉત્તર:- જ્ઞાનનું વર્ણન છે. ઓમાં ચિત સ્વરૂપ જીવ તો ચિત સ્વરૂપ લીધું ને. બીજું કાંઈ ન લીધું. બસ. ચાર વાગી ગયા. લ્યો! કાળાદિલબ્ધિ આવી ને? આ કાળાદિલબ્ધિમાં એક જ ફક્ત કર્મનો અભાવ નિમિત્ત છે, બાકી તો ચાર તો ઉપાદાન છે. એક નિમિત્ત છે અને ચાર ઉપાદાન છે.

સ્વભાવ, સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ, એ પુરુષાર્થ થયો ત્યારે સમ્યગ્દર્શન પ્રગટ થયું ત્યારે કાળ પાકી ગયો, પર્યાયનો. અને એ પ્રકારે થવાનું હતું ત્યારે જ થયું છે. ભવિતવ્ય હોનહાર હતી, બસ. પ્રતિબદ્ધ કારણનો અભાવ. કાર્ય થાય છે ત્યારે પ્રતિબદ્ધ કારણનો અભાવ, દર્શનમોહનો ઉદય ન હોય એ વખતે, બસ.